દાખલ તારીખ : ૨૯/૦૬/૨૦૧૮
રજીસ્ટર તારીખ : ૨૯/૦૬/૨૦૧૮
નિકાલ તારીખ : ૨૩/૧૦/૨૦૧૯
સમય અવધિઃ વર્ષઃ૦૧ માસઃ૦૩ દિવસઃ૨૪
આંક–

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

# દેવભુમિ દ્વારકા જીલ્લાનાં જજ કોર્મશીયલ કોર્ટ સમક્ષ, મુ.ખંભાળીયા.

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**કોમર્શીયલ રીવ્યુ અરજી નં. ૦૧/૨૦૧૯**
**(જુના રીવ્યુ અરજી નં. ૦૧/૨૦૧૮)**

(૧) પી.જી.વી.સી.એલ.
થ્રુ નાયબ ઈજનેર, ખંભાળીયા .........અરજદાર/પ્રતિવાદી

**વિરૂધ્ધ**

(૧) ધરણાંતભાઈ નારણભાઈ કાંબરીયા
ઠે. શીરેશ્વર પ્લોટ, પ્લોટ નં. ૬૫,
શકિતનગર, ખંભાળીયા ..........સામાવાળા/વાદી

**બાબત :– સી.પી.સી. કલમ–૧૧૪ તથા ઓર્ડર–૪૭, રૂલ–૧ તથા વીજળી અધિનીયમ–૨૦૦૩ની કલમ–૧૫૭ મુજબ રીવ્યુ અરજી**

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

અરજદાર/પ્રતિવાદી તરફે :– વિદ્વાન વકીલશ્રી આર. વી. ભાદરકા
સામાવાળા/વાદી તરફે :– વિદ્વાન વકીલશ્રી એ. એ. મુંદ્રા

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

# –: ચુકાદો :–

**(૧)** હાલની અરજી અરજદારે/પ્રતિવાદીએ સી.પી.સી. કલમ–૧૧૪ તથા ઓર્ડર–૪૭, રૂલ–૧ તથા વીજળી અધિનીયમ–૨૦૦૩ની કલમ–૧૫૭ મુજબ તા. ૧૯–૦૯–૨૦૧૬ નાં રોજ કોર્ટે કરેલ આંક–૫ હેઠળનાં હુકમને રીવ્યુ કરવા માટે કરેલ છે.

**(૨)** અરજદાર રે.દી.મુ.નં. ૧૮/૧૬ નાં કામે પ્રતિવાદી છે, જયારે સામાવાળા રે.દી.મુ.નં. ૧૮/૧૬ નાં કામે વાદી છે જેથી સરળતા ખાતર અરજદારને હાલની રીવ્યુ અરજીમાં પ્રતિવાદી તરીકે અને સામાવાળાને વાદી તરીકે સંબોધવામાં આવેલ છે.

**(૩)** પ્રતિવાદીની આ અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, હાલનાં દાવાનાં કામે વાદીએ આંક–૫ થી વચગાળાનાં મનાઈ હુકમની અરજી કરેલી જે અરજ નામદાર કોર્ટે તા. ૧૯–૦૯–૨૦૧૬ નાં હુકમથી ચૌકકસ શરતોને આધીન મંજુર કરેલી. સદરહુ હુકમ પ્રતિવાદી કંપનીનાં સક્ષમ અધિકારી સમક્ષ મુકવામાં આવતા તેઓ તરફથી સરદહુ હુકમ સામે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં અપીલ કરવાનું જણાવવામાં આવેલ. તે અન્વયે પ્રતિવાદી કંપનીએ ગુજરાત હાઈકોર્ટમાં સ્પે. સીવીલ એપ્લીકેશન નં. ૨૦૭૦૮/૧૬થી અપીલ કરેલી. દરમ્યાન સદરહુ વચગાળાનો હુકમ સમંતીથી થયેલ હોય તો પણ કાયદા મુજબ બીલની રકમની ૫૦% રકમ ભરપાઈ કર્યાથી કનેકશન ચાલુ કરી આપવાનો વચગાળાનો આદેશાત્મક હુકમ થઈ શકે નહી. તેથી તે હુકમ સામે રીવ્યુ અરજી જે તે કોર્ટમાં જ કરવી જોઈએ એવો અભીપ્રાય થતાં સદરહુ સ્પે. સીવીલ એપ્લીકેશન આવી રીવ્યુની અરજી કરવાની શરતે પાછી ખેંચેલી અને નામદાર હાઈકોર્ટે સ્પે. સીવીલ એપ્લીકેશન ફેસલ કરેલ. આ રીવ્યુ અરજીનાં કારણો નીચે મુજબ આપેલ છે. (૧) વાદીની વચગાળાનાં મનાઈ હુકમની અરજી જોવામાં આવે તો તેમની દાદ આદેશાત્મક (મેન્ડેટરી) હુકમ

**મળવાની છે. (૨) વાદીનો દાવો અને વચગાળાનાં મનાઈ હુકમની અરજી જોતાં નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું કોઈ ઈરીપેરેબલ લોસ આવો આદેશાત્મક વચગાળાનાં મનાઈ હુકમ ન આપવાથી થાય તેવું હતું નહી. (૩) વાદીએ ૨૩,૩૯૪ યુનીટની વીજચોરી કરી ગંભીર ગુનો કરેલ તે પરત્વે તેની સામે રાજકોટ પી.જી.વી.સી.એલ. પોલીસ સ્ટેશનમાં ગુ. રજી. નં. સેકન્ડ ર૭૨૫/૧૬થી ફરીયાદ પણ દાખલ થયેલી. (૪) હાલનાં દાવાનાં કામે વાદીનાં દાવાનો પ્રતિવાદીએ જવાબ આપેલ છે. (૫) વીજ અધિનીયમ–૨૦૦૩ વાળો કાયદો સ્પેશ્યલ એકટ છે અને પ્રતિવાદી કંપની અને ગ્રાહક વચ્ચે તકરારી બાબતોનાં નીર્ણયથી કરવા માટે તેનાં ચૌકકસ પ્રકારની જોગવાઈઓ થયેલ છે. (૬) વીજળી અધિનીયમ–૨૦૦૩ ની કલમ–૧૪૫ તથા ૧૫૪ની જોગવાઈઓ ધ્યાને લેતાં, આવો વચગાળાનો મનાઈ હુકમ આ કાયદા તળે પ્રતિબંધીત છે. (૭) ઉપરોકત તમામ સંજોગોમાં પ્રતિવાદીએ કોઈ શુધ્ધ–બુધ્ધીથી, ભુલથી કે ગેરસમજણથી સમંતી આપેલ હોય તો પણ નામદાર કોર્ટ પ્રતિવાદીનો જવાબ, રજુ થયેલ દસ્તાવેજી પુરાવો અને કેસનાં સંજોગો જોઈ ગુણદોષ પર નીકાલ કરવાનો થાય. (૮) વાદગ્રસ્ત હુકમ કેસનાં કોઈ ગુણદોષને ધ્યાને લઈ મેરીટસ ઉપર હુકમ થયેલ નથી. સી.પી.સી. કલમ–૧૧૪ તથા ઓર્ડર–૪૭, રૂલ–૧ તથા વીજળી અધિનીયમ–૨૦૦૩ની કલમ–૧૫૭ મુજબ હાલની રીવ્યુ અરજી સાંભવવા નામદાર કોર્ટને હકુમત છે. વાદગ્રસ્ત હુકમ તા. ૧૯–૦૯–૨૦૧૬ નો છે. તેની સામે પ્રતિવાદીએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશ્યીલ એપ્લીકેશન નં. ૨૦૭૦૮/૧૬ થી અપીલ કરેલ છે. જે અગાઉ જણાવેલ સંજોગોમાં રીવ્યુ અરજી કરવાની શરતે પાછી ખેંચતા નામદાર કોર્ટે તા. ૧૯–૦૧–૨૦૧૭ નાં ઓર્ડરથી આવી મંજુરી સાથે સદરહુ અરજી ફેસલ કરેલ, તે ત્યારબાદ પ્રતિવાદી કંપનીનાં સક્ષમ અધિકારીઓની પરવાનગી તથા પરામર્શ તથા પ્રતિવાદી કંપનીનાં પેનલ એડવોકેટ સાથે પરામર્શ તેમનો અભિપ્રાય વિગેરે બાબતોમાં સમય જતાં આ અરજી પ્રતિવાદી લાવેલ છે અને સદરહુ અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે.**

(૪) સદરહુ અરજીને રીવ્યુ અરજી નં. ૧/૧૮ તરીકે ખંભાળીયાનાં મે. વીજધારા–૨૦૦૩ હેઠળ રચાયેલ સ્પેશ્યલ કોર્ટનાં જજ સાહેબશ્રી ની કોર્ટમાં દાખલ થયેલી, જેમાં આંક–૭ હેઠળ નામદાર પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ સાહેબશ્રીએ વિગતવારનો હુકમ કરી હાલની અરજીને કોર્મશીયલ રીવ્યુ અરજી તરીકે નોંધી અત્રેની કોર્મશીયલ કોર્ટે અરજી અંગે આગળની કાર્યવાહી કરવાનો હુકમ કરેલ છે. જે નામદાર પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ જજ સાહેબશ્રીના હુકમ મુજબ આ અરજીને કોર્મશીયલ રીવ્યુ અરજી નં. ૦૧/૨૦૧૯ થી આ કોર્મશીયલ અદાલતે રજીસ્ટરે લેવામાં આવેલ.

(૫) સદરહુ અરજી રજીસ્ટરે લીધા બાદ વાદીએ આંક–૯ થી વકીલાત પત્ર દાખલ કરી આંક–૧૦થી આ અરજીનો વિગતવારનો જવાબ આપેલ છે. જેમાં મોટાભાગની હકીકતોનો ઈન્કાર કરી વધુમાં જણાવે છે કે, જયા વચગાળાનાં મનાઈ હુકમનો અમલ થયેલ નથી અને વાદીનાં વચગાળાનાં મનાઈ હુકમ મુજબ ૫૦ ટકા રકમ સ્વીકારી વીજ જોડાણ ચાલુ કરી આપવાનો હુકમ હતો તે હુકમનો અમલ જ થયેલ ન હોય તે વિગતે પારા–૩ નાં મજકુરોનો ઈન્કાર કરેલ છે. પ્રતિવાદી વાદગ્રસ્ત હુકમ તા. ૧૯–૦૯–૨૦૧૬ નો છે, તેની સામે પ્રતિવાદીએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પે. એપ્લીકેશન નં. ૨૦૭૦૮/૧૬ થી અપીલ કરેલ. જે અગાઉ જણાવેલ સંજોગોમાં રીવ્યુ અરજી કરવાની શરતે પાછી ખેંચતા નામદાર કોર્ટે તા. ૧૯–૦૧–૨૦૧૭ નાં ઓર્ડરથી આવી મંજુરી સાથે સદરહુ અરજી ફેસલ કરેલ. ત્યારબાદ પ્રતિવાદી કંપનીનાં સક્ષમ અધિકારીઓની પરવાનગી તથા પરામર્શ તથા પ્રતિવાદી કંપનીનાં પેનલ એડવોકેટ સાથે પરામર્શ કર્યા બાદ તેમનો અભિપ્રાય વિગેરે બાબતોમાં સમય જતાં આ અરજી લાવેલ હોવાનું જણાવવું ખરૂ નથી. જયારે હુકમ તા. ૧૯–૦૯–૨૦૧૬નો છે અને હાઈકોર્ટે પ્રતિવાદીનાં જણાવ્યાં મુજબ તા. ૧૯–૦૧–૨૦૧૭ નાં રોજ હુકમ કરેલ છે. જયારે રીવ્યુ અરજી એક વર્ષ બાદ દાખલ કરેલ છે. તે સંજોગોમાં પ્રતિવાદીની રીવ્યુ અરજી ટકવાપાત્ર નથી. ખરી હકીકતે પ્રતિવાદીએ જે હુકમ સામે રીવ્યુ અરજી કરેલ છે તે હુકમનો અમલ જ થયેલ નથી અને આ હુકમ સબંધેની શરતોનો પ્રતિવાદીએ કોઈ પાલન

જ કરેલ ના હોય છતાં ખોટી રજુઆત કરી હાલની ખોટી રીવ્યુ અરજી કરેલ છે. સદરહુ રીવ્યુ અરજી અગાઉ ચાલતાં કેસ સ્પે.દી.મુ. નં. ૧૮/૧૬ નાં વચગાળાનાં હુકમ સામે રીવ્યુ અરજી કરેલ છે, જે હાલની નામદાર કોર્ટમાં કોમ. કેસ નં. ૨૧/૧૯ થી ચાલુ છે અને સદરહુ વચગાળાનાં હુકમ અન્વયે પ્રતિવાદી કંપનીએ કોઇ અમલ કરેલ નથી અને વાદીએ આ બાબત હુકમ મુજબની અમલવારી કરવા અને હુકમ મુજબ રકમ ભરપાઇ કરવા ગયેલ હોવા છતાં, પ્રતિવાદીએ તે હુકમનો અમલ જ કરેલ ના હોય ત્યારે સદરહુ હુકમ સામે રીવ્યુ અરજી લાવવાનું કોઇ કારણ જ નથી. જે હકીકત પ્રતિવાદી જાણે છે છતાં હાલની ખોટી રીવ્યુ અરજી લાવેલ છે જેથી હાલની અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૬) પ્રતિવાદીએ તેઓની અરજીનાં સમર્થનમાં માર્ક–૩/૧ થી ૩/૧૫ નાં દસ્તાવેજી પુરાવઓ રજુ કરેલ છે. જયારે, વાદી તરફે કોઇ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી.

(૭) બંને પક્ષો તરફેની વિગતવારની દલીલો સાંભળી. પ્રતિવાદીનાં વિ.વકીલશ્રીએ તેઓની અરજી મુજબ દલીલો કરી માંગ્યા મુજબની દાદ મંજુર કરવા વિનંતી કરેલ છે. જયારે, વાદી તરફે તેમનાં વિ.વકીલશ્રી સખ્ત વાંધો લેતાં તેમનાં જવાબ મુજબ દલીલો કરી હાલની અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૮) વાદીએ રે.દી.મુ. નં. ૧૮/૧૬ ખંભાળીયાનાં મે. વીજધારા–૨૦૦૩ હેઠળ રચાયેલ સ્પેશ્યલ કોર્ટનાં જજ સાહેબની કોર્ટમાં દાખલ કરેલો, જે નામદાર ડીસ્ટ્રીકટ કોર્ટનાં ઓફીસ ઓર્ડર નં. ૨૩૮/૨૦૧૯થી તા. ૨૭–૦૬–૨૦૧૯નાં હુકમ મુજબ અત્રેની કોર્મશીયલ કોર્ટમાં ટ્રાન્સફર થતાં તેને કોર્મશીયલ કેસ નં. ૨૧/૧૯ થી દાવો રજીસ્ટરે લેવામાં આવેલ છે. જે દાવો હાલ નીર્ણીત કરવાનો બાકી છે. સદર દાવામાં આંક–૫ હેઠળ મહે. વીજધારા–૨૦૦૩ હેઠળ રચાયેલ સ્પેશ્યલ કોર્ટનાં જજ સાહેબએ તા. ૧૯–૦૯–૨૦૧૬ નાં રોજ બંને પક્ષકારોને સાંભળ્યા બાદ

ગુણદોષ પર વાદીની અરજી અંગે હુકમ કરેલ છે. પ્રતિવાદીએ હાલની અરજી રીવ્યુ કરવા માટે કરેલ છે પરંતુ તે રીવ્યુ માટેનાં પુરતા કારણો છે તે સાબીત કરવાની જવાબદારી પ્રતિવાદીની છે. પ્રતિવાદીએ રે.દી.મુ.નં.૧૮/૧૬ નાં કામે આંક–૫ સામે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશ્યીલ સીવીલ એપ્લીકેશન નં. ૨૦૭૦૮/૧૬ દાખલ કરેલી જેમાં પ્રતિવાદીએ રે.દી.મુ.નં. ૧૮/૧૬માં રીવ્યુ અરજી કરવાની પરવાનગી માંગી પરત ખેંચતા નામદાર હાઈકોર્ટે તા. ૧૯–૦૧–૨૦૧૭નાં રોજ વિગતવારનો હુકમ કરી ફેસલ કરેલ છે. આમ, આંક–૫નો હુકમ તા. ૧૯–૦૯–૨૦૧૬ નાં રોજ થયેલો જે અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટે તા. ૧૯–૦૧–૨૦૧૭નાં હુકમ થયા બાદ પ્રતિવાદીએ તા. ૨૯–૦૬–૨૦૧૮ નાં રોજ હાલની અરજી દાખલ કરેલ છે એટલે કે આંક–૫ નાં હુકમ થયા બાદ લગભગ પોણા બે વર્ષ બાદ હાલની અરજી પ્ર તિવાદીએ દાખલ કરેલ છે.

(૯) આંક–૫નો હુકમ વંચાણે લેતાં, તે હુકમ ખંભાળીયાનાં મે. વીજધારા–૨૦૦૩ હેઠળ રચાયેલ સ્પેશ્યલ કોર્ટનાં જજ સાહેબશ્રીએ કરેલ છે. તેમાં વાદી તથા પ્રતિવાદીનાં વિ.વકીલશ્રીઓને સાંભળ્યા બાદ ગુણદોષ પર કોર્ટે હુકમ કરેલ છે. જે હુકમનાં પારા–૩ ઉપર સ્પષ્ટ જણાવેલ છે કે, “ પ્રતિવાદી કંપની તરફે તેઓનાં વિ.વકીલશ્રી આર.વી.ભારદકાએ એવી રજુઆત કરેલી છે કે, વાદીનાં જણાવ્યાં અનુસાર તેઓ પુરવણી બીલ પૈકીની ૫૦ ટકા રકમ વીજ કંપનીમાં જમા કરાવે તો તેઓને હાલ પુરતુ વીજ કનેકશન ચાલુ કરી આપશે અને તે માટે તેઓનો હકક અબાધીત રહેશે ”. ત્યારબાદ તે હુકમનાં પારા–૫ માં જણાવેલ છે કે, “ આ અરજીનો નીર્ણય કરતી વખતે નીચે મુજબનાં મુદાઓ ધ્યાને લેવામાં આવેલ છે. (૧) પ્રતિવાદી વીજકંપની ધ્વારા વાદીને ત્યાં ચેકીંગ કરતાં વીજ ચોરી કરતાં હોવાનું જણાય આવતાં તેઓએ કાર્યવાહી કરીને વાદીને વીજચોરીનું પુરવણી બીલ ૨૩૩૯૪ યુનીટ માટે રકમ રૂા. ૩,૫૬,૨૪૨/– નું આપેલ છે. (૨) વાદી તરફે તેમનાં વિ. વકીલશ્રી સી. કે.નથવાણી ધ્વારા તેઓનાં અસીલ, જે કોર્ટમાં હાજર છે, તેઓએ રજુઆત કરેલ છે કે, તેઓ બીલ પૈકીની ૫૦ ટકા રકમ તેઓનાં હકક

અબાધીત રાખીને વીજકંપની પાસે ભરવા માટે તૈયાર છે. (૩) પ્રતિવાદી તરફે તેઓનાં વિ.વકીલશ્રી આર.વી.ભાદરકાએ રજુઆત કરેલ છે કે, જો વાદી હાલનાં તબકકે બીલ પૈકીની ૫૦ ટકા રકમ ભરપાઈ કરવા તૈયાર હોય તો પ્રતિવાદી વીજ કંપની તેઓનું વીજ કનેકશન ચાલુ કરી આપશે ''. જે રજુઆત બંને પક્ષકારો તરફે તેમનાં વિ.વકીલશ્રીએ કરેલી તેને ધ્યાને લઈને સ્પેશ્યીલ કોર્ટે તે આંક–૫ હેઠળ હુકમ કરેલ છે. પ્રતિવાદીનું એવું કોઈ કથનો નથી કે તેમનાં વિ.વકીલશ્રીએ આવી કોઈ રજુઆત કે જે આંક–૫નાં હુકમમાં કોર્ટે લખેલ છે તેઓએ કરેલ નથી. પ્રતિવાદી પી.જી.વી.સી.એલ. એ જે તેમનાં વિ.વકીલશ્રીની આ દાવા માટે નિમણુંક કરેલી તેઓએ પોતે પ્રતિવાદી પી.જી.વી.સી.એલ.ના વકીલ તરીકે કોર્ટ રૂબરૂ આ રજુઆત કરેલ છે, જે ધ્યાને લઈ કોર્ટે આંક–૫ નો હુકમ કરેલ છે. આમ, હવે પ્રતિવાદી પોતાની કોર્ટ રુબરુ કરેલ રજુઆતથી ફરી શકે નહીં. આંક–૫ નો હુકમ વચગાળાનો હુકમ છે આખરી હુકમ નથી અને પ્રતિવાદીએ જે કારણો દર્શાવી આ અરજી દાખલ કરેલ છે તે પુરાવાનો વિષય છે. જે તમામ હકીકતો, સંજોગો તથા બંને પક્ષકારો તરફેની દલીલો સાંભળતા આ રીવ્યુ અરજી મંજુર કરવા કોઈ વ્યાજબી કારણો જણાતું ન હોય ન્યાયના હીતમાં નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે.

## –: હુકમ :–

(૧) આથી અરજદારની કોર્મશીયલ રીવ્યુ અરજી નં.૧/૨૦૧૯ નામંજુર એટલે કે રદ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**હુકમ આજરોજ તારીખ ૨૩મી માહે ઓકટોબર સને–૨૦૧૯ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારા સહી–સિકકા કરી જાહેર કર્યો.**

ખંભાળીયા
તા.૨૩/૧૦/૨૦૧૯

( જસપ્રીતસીંગ ગુરૂમુખસીંગ બગ્ગા )
જજ કોમર્શીયલ કોર્ટ
દેવભુમિ ધ્વારકા મું. ખંભાળીયા
કોડ નં. ૦૦૬૬૭